



# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૦૦ | ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૬, શુક્રવાર ; ભાદરવા વદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ભારતે સર્જીકલ હુમલામાં ૭ કેમ્પ ફૂંકી માર્યા

**પોકમાં સેના કમાન્ડો હેલિકોપ્ટરથી ઉતર્યા અને ઓપરેશનને પાર પાડ્યું : નક્કર માહિતી બાદ જ વહેલી પરોઢે ૨.૩૦થી કમાન્ડો ઓપરેશન ચાલ્યું : ઉરીમાં ત્રાસવાદી હુમલા બાદ સતત સાત દિવસ સુધી માહિતી એકત્રિત કર્યા બાદ ત્રાસવાદીઓને બોધપાઠ ભણાવાયો : કમાન્ડો સુરક્ષિત પરત પણ ફર્યા**




## ૪૦ ત્રાસવાદી મોતને ઘાટ

નવી દિલ્હી,તા. ૨૯

જમ્મુ કાશ્મીરમાં ઉરી સેક્ટરમાં આર્મી યુનિટ ઉપર હાલમાં જ કરવામાં આવેલા ભીષણ આતંકવાદી હુમલા બાદ ભારતે પણ સર્જીકલ હુમલા કરીને જડબાતોડ જવાબ આપી દીધો છે. ભારતીય સેનાના સર્જીકલ હુમલામાં ૪૦થી ૪૫ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. પાકિસ્તાની સેનાના નવ જવાનોને પણ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. ભારતીય સેનાએ બુધવારે મોડી રાત્રે એટલે કે આજે વહેલી પરોઢે ૨.૩૦ વાગે એલઓસીની પેલી પાર ઘુસી જઈને ત્રાસવાદીઓના અડ્ડાઓને ટાર્ગેટ બનાવ્યા હતા.

આ સર્જીકલ હુમલામાં ત્રાસવાદીઓના સાત લોંચ પેડ અથવા તો આતંકવાદી અડ્ડાઓનો ખાત્મો કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની સેનાએ તેના બે જવાનના મોતના અહેવાલને સમર્થન આપ્યું છે. ભારતીય સેનાએ પાકિસ્તાનની અંદર ઘુસીને આ હુમલો કર્યો હતો. બુધવારે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ઘુસી જઈને ભારતીય સેનાએ આ હુમલો કર્યો હતો. આ અંગે માહિતી આજે ડીજીએમઓ દ્વારા આપવામાં આવી હતી.

આ હુમલામાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓનો ખાત્મો થયો હતો. આજે ડીજીએમઓએ પત્રકાર પરિષદ યોજીને સર્જીકલ હુમલા અંગે માહિતી આપી હતી. ભારતીય સેનાએ તમામ પ્રકારની માહિતી પહેલા એકત્રિત કરી લીધી હતી. ડીજીએમઓ લેફ્ટી જનરલ રણબીરસિંહે કહ્યું હતું કે, ઓપરેશન હવે પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. સેનાના આ મિડનાઈટ ઓપરેશનમાં સાત ત્રાસવાદી કેમ્પ ફૂંકી મારવામાં આવ્યા હતા. ૪૦ ત્રાસવાદીઓનો સફાયો કરાયો હતો. ત્રાસવાદીઓને ટાર્ગેટ બનાવીને આ હુમલો કરાયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# સર્જીકલ હુમલાનું સાર્વત્રિક સ્વાગત

**મોદીના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય, ત્યારબાદ સર્વપક્ષીય બેઠક યોજાઈ**

નવી દિલ્હી,તા. ૨૯

અંકુશ રેખા પર ઉભી થયેલી સ્થિતી પર ચર્ચા કરવા માટે આજે સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. જેમાં તેમના પ્રધાનમંડળના ટોપના નેતાઓ અને સેનાના વડાઓ હાજર રહ્યા હતા. ઉરીમાં ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ પહેલાથી જ વિસ્ફોટક સ્થિતી પ્રવર્તી રહી છે ત્યારે પાકિસ્તાની જવાનોએ સરહદ પર ફરી એકવાર ગોળીબાર કર્યો છે. સર્જીકલ હુમલાની કાર્યવાહી કરવામાં આવ્યા બાદ આજે મોડી સાંજે સર્વપક્ષીય બેઠક યોજવામાં આવી હતી જેમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. સર્વપક્ષીય બેઠક બાદ કેન્દ્રીય મંત્રી વેંકૈયા નાયડુએ પત્રકારો સાથે વાતચીત કરી હતી.તેમણે કહ્યું હતું કે, તમામ પાર્ટીઓને સર્જીકલ હુમલાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે કોંગ્રેસ

● અનુસંધાન પાન-૭ પર



# પાકિસ્તાન સાથે હવાઈ સંપર્કને પણ તોડવા માટે ભારત તૈયાર

**પાક સાથે દ્વિપક્ષીય ઉડ્ડયન કરાર અને એરસ્પેસથી પસાર થનાર પાકિસ્તાની એરલાઈન્સની ફ્લાઇટો અંગેની પીએમઓ દ્વારા માહિતી માંગવામાં આવી : પાકિસ્તાન ઉપર વધુ દબાણ લાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય**

નવી દિલ્હી,તા. ૨૯

જમ્મુ કાશ્મીરના ઉરી સેક્ટરમાં ભીષણ ત્રાસવાદી હુમલો થયા બાદ પાકિસ્તાન પર દબાણ વધારી દેવા માટે ભારત દ્વારા એકપછી એક પગલા લેવામાં આવી રહ્યા છે. હવે પડોશી દેશ પાકિસ્તાન સાથે હવાઈ સંપર્ક તોડી દેવા માટે પહેલ કરી છે. ઉડ્ડયન મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા

● અનુસંધાન પાન-૭ પર




ભારતીય સેના જીંદાબાદ - સર્જીકલ હુમલા બાદ દેશભરમાં દેશભક્તિનું મોજી પ્રસર્યું હતું... આખા દેશે સેનાને બિરદાવી રાષ્ટ્રધ્વજ લહેરાવી સર્જીકલ હુમલાને વધાવ્યો હતો... રાજકીય પક્ષો, સામાજીક સંગઠનો અને યુવાનો ગુરૂવારે આખો દિવસ ખુશ-ખુશાલ હતા... અને ભારતીય સેનાને બિરદાવવા વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો આયોજનો થતાં રહ્યા હતા...

# ગુજરાત, રાજસ્થાન, પંજાબ સરહદે એલર્ટ

**પાકિસ્તાનની સંભવિત પ્રતિક્રિયાનો સામનો કરવો તૈયારી કરાઈ : સરહદી વિસ્તારમાં રહેતા લોકોને અન્યત્ર ખસેડવામાં આવ્યા : બીએસએફ, સીઆરપીએફ જવાનોની રજા રદ કરાઈ : હોસ્પિટલમાં ઈમરજન્સીના આદેશ**

નવી દિલ્હી,તા. ૨૯

સર્જીકલ હુમલા કરવામાં આવ્યા બાદ આની પ્રતિક્રિયારુપે કોઈપણ ઘટનાનો સામનો કરવા માટે તમામ રાજ્યોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. ખાસ કરીને પાકિસ્તાન સાથેની સરહદ ધરાવતા રાજ્યોને એલર્ટ કરવામાં આવ્યા છે. સરહદી વિસ્તારોમાં રહેતા લોકોને અન્યત્ર ખસેડવા માટે પણ આદેશ કરવામાં આવ્યા છે. ભારતીય સેનાએ પોકમાં સર્જીકલ હુમલા કરવામાં આવ્યા બાદ હચમચી ઉઠેલા પાકિસ્તાન તરફથી સંભવિત પ્રતિક્રિયાને પહોંચી વળવા ભારતે તૈયારી કરી લીધી છે. સરહદી ગામોને ખાલી કરાવવામાં આવ્યા છે. ૧૦ કિલોમીટર અંદર સુધીના વિસ્તારોને ખાલી કરવાનો આદેશ કરવામાં આવ્યા છે.

પંજાબ, જમ્મુ કાશ્મીર, ગુજરાત, રાજસ્થાનમાં સરહદી વિસ્તારમાં લોકોને સૂચના આપવામાં આવી છે. સાથે સાથે બીએસએફના વધારાના જવાનોને પણ મોકલવામાં આવ્યા છે. દરમિયાન અટારી સરહદ ઉપર થનારી રિટ્રીટ પરેડમાં સામાન્ય લોકોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકી દીધો છે.

પંજાબના સરહદી વિસ્તારોને ખાલી કરવામાં આવી રહ્યા છે. સરહદ ઉપર આવેલા વિસ્તારોમાં સ્થિત હોસ્પિટલોને ઈમરજન્સી સેવા માટે તૈયાર રહેવા માટે પણ કહેવામાં આવ્યું છે. આગામી આદેશ સુધી તમામ પોલીસ જવાનો, તબીબો અને નર્સની રજા રદ કરી દેવામાં આવી છે. સાથે સાથે સ્કુલોને બંધ રાખવાના આદેશ કરાયા છે. ભારતીય સેનાએ લાઈન ઓફ કન્ટ્રોલની નજીક સાત ત્રાસવાદી અડ્ડાઓને ફૂંકી માર્યા છે. આજે પત્રકાર પરિષદ યોજીને આ અંગની માહિતી આપવામાં આવી હતી. ગુજરાત અને રાજસ્થાનની સરહદ ઉપર પણ આવી જ તૈયારી કરવામાં આવી છે. પાકિસ્તાન કોઈપણ જવાબી કાર્યવાહી કરીને નુકસાન ન કરી શકે તે માટે પગલા લેવામાં આવ્યા છે. પંજાબમાં આંતરરાષ્ટ્રીય સરહદથી ૧૦ કિલોમીટરના અંદરના વિસ્તારને ખાલી કરાવવામાં આવ્યા છે.

# પાક રેન્જર્સની હીલચાલ પર સેટેલાઈટની મદદથી બાજ નજર

ગાંધીનગર, તા. ૨૯

ગત મોડી રાત્રે ભારતીય લશ્કરે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં એક સર્જીકલ હુમલો કરીને સંખ્યાબંધ ત્રાસવાદી છાવણીઓનો ખાતમો બોલાવી દીધો છે. ત્યારે પશ્ચિમ ભારત ખાતે પણ પાક સાથેની આંતરરાષ્ટ્રીય સીમા પર તંગદીલીમાં વધારો થવા પામ્યો છે. પાકિસ્તાન સાથે ૫૪૫ કી.મી. ભૂમી સીમા ધરાવતા કચ્છ, પાટણ, બનાસકાંઠા, પાટણની સરહદ પર સીમા સાથે પાક રેન્જર્સ ગતીવીધી પર બીએસએફ દ્વારા બાજનજર રાખવામાં આવી રહી છે. તો બીજી બાજુ પાકની કોઈ પણ જવાબી કાર્યવાહીને નિષ્ફળ બનાવવા માટે સ્વેક પણ હાઈએલર્ટ પર કામ કરી રહ્યું છે.

દક્ષિણ પશ્ચિમ વાયુ કમાન્ડના એરબેઝ ઉપર રશીયન બનાવટના એસયુ-૩૦ એમકેઆઈ લડાકુ વિમાનો રેડી ટુ ફ્લાયની સ્થિતિમાં રાખવામાં આવ્યા છે. ખાસ ઉલ્લેખનીય છે કે એસયુ-૩૦ ફાઈટર વિમાનો લાંબા અંતરનું ઉડ્ડયન ભરી શકે છે અને દુશ્મન ભૂમિ પર નજીક લઈ જવાની ક્ષમતા ધરાવે છે.

સ્વેકના રડાર મથકો ૨૪ કલાક પાકિસ્તાન તરફથી આવતા કોઈ પણ વિમાનો પર બાજ નજર રાખી રહ્યા છે.

# સર્જીકલ હુમલા બાદ ગાંધીનગરમાં બેઠકોનો દોર

**ગુજરાતમાં સાવચેતીના પગલા લેવાયા છે : રૂપાણી-નીતિન પટેલ : ઉચ્ચ સ્તરીય બેઠકમાં ગૃહવિભાગના અધિકારીઓ, સુરક્ષા અધિકારીઓની હાજરી : સર્કિટ હાઉસમાં પણ મિટિંગ**

અમદાવાદ,તા. ૨૯

એલઓસી પાર કરીને ભારતીય સેનાએ સર્જીકલ હુમલા કર્યા બાદ પાકિસ્તાન તરફથી કોઈપણ સંભવિત કાર્યવાહી અને અન્ય કોઈ પણ સ્થિતિને પહોંચી વળવાના હેતુસર ચાર સરહદી રાજ્યોને એલર્ટ રહેવાની સૂચના આપવામાં આવ્યા બાદ ગુજરાતમાં પણ બેઠકોનો દોર શરૂ થયો છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં પણ ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ ઉપરાંત અન્ય જુદી જુદી બેઠકોનો ધમધમાટ પણ રહ્યો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સર્જીકલ હુમલા બાદ લેવામાં આવી રહેલા પગલા અંગે માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, ગુજરાતમાં કોઈપણ પ્રકારનું નુકસાન ન થાય તે માટે સુરક્ષા વધારવામાં આવી છે. તમામ સંબંધિત વિભાગો સાથે સંપર્ક સ્થાપિત કરવામાં આવ્યા છે. સુરક્ષા પાસાઓની વિજય રૂપાણીએ સમીક્ષા કરી હતી.તેમણે કહ્યું હતું કે, ગુજરાત સરકારને પણ કેન્દ્ર સરકાર તરફથી એલર્ટ રહેવા માટે કહેવામાં આવ્યું છે. ગુજરાતના સરહદી વિસ્તારમાં રહેતા લોકોને તથા માછીમારોને સાવધાન રહેવા માટે કહેવામાં આવ્યું છે. અગાઉ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે જુદા જુદા રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે ફોન પર વાત કરી હતી. ગુજરાત ડેપ્યુટી સીએમ નિતિન પટેલે જણાવ્યું હતું કે, પાકિસ્તાનની બોર્ડરને લગતા સૌથી વધુ સંવેદનશીલ જિલ્લા કચ્છ, પાટણ, અને બનાસકાંઠાને એલર્ટ કરવામાં આવ્યા છે. જ્યારે દરિયાઈ કાંઠાના વિસ્તારોને પણ એલર્ટ કરી દેવામાં આવ્યો છે.

ગુજરાતના રેન્જ આઈજી સાથે સરકાર અને ગૃહવિભાગના સંપર્કમાં છે. ગુજરાતની બોર્ડર પર જવાનો સતત દેખરેખ રાખી રહ્યું છે. ગૃહવિભાગ દ્વારા શાંતિ અને સલામતી જળવાય તે માટે સુચના આપવામાં આવી છે. રાજયના કોસ્ટલ પોલીસ સ્ટેશનમાં દેખરેખ રાખવાની સુચના આપી છે. ગુજરાત સરકારના ગુજરાતમાં બોર્ડરની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓ દ્વારા પ્રોક્સીવોર કરીને દેશમાં અસ્થિરતા સર્જવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ત્યારે ગુજરાતના દરિયા કિનારા અને કચ્છના રણ સાથે પાકિસ્તાન સીધું જોડાયેલું હોવાથી દરિયાઈ બોર્ડર અને જમીન બોર્ડરની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે.


VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET



D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT

• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS

Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151

Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો



ગુજરાત સરકાર માન્ય LTC પ્રવાસો
કપલ / ફેમીલી ટુર
આંદામાન
હેવલોક - નીલ - બારાટાંગ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી | દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ | કાશ્મીર પહેલગામ-ગુલમર્ગ | સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા | કુર્ગ-કબિની વાયનાડ-હસન | નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી | સ્વતંત્ર પેકેજ હોટલ એર બુકીંગ
નૂતન ટ્રાવેલ્સ Since 1951 26562324/22 9427455274 9408643756
કરીશ્મા, સ્ટેડીયમસર્કલ, સી.જી. રોડ, અમદાવાદ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225